નોબત સંગત

### ગરીબો માટે પણ આ દેશમાં રાત્રિના અદાલતો ખુલે છે...

# આપણા દેશનું ન્યાયતંત્ર હેલ્થ, સ્ટ્રેન્થ અને વેલ્થની સુરક્ષા માટે રહે છે હંમેશાં તત્પર...





ભારત આઝાદ થયા પછી ભારતની જનતાને સૌથી વધુ વિશ્વાસ આપણા દેશના ન્યાયતંત્ર પર રહ્યો છે, અને તેનું કારણ આપણા બંધારણે ન્યાયતંત્રને આપેલી સવાયત્તતા, ન્યાયતંત્રની તટસ્થતા અને ન્યાયવિદ્દોની અંદર પ્રગટતી રહેલી ન્યાયની દેવીની તાકાતમાં રહેલી છે. આપણા દેશમાં બંધારણીય સંસ્થાઓમાં લોકોને સૌથી વધુ વિશ્વાસ કદાચ ન્યાયતંત્રમાં રહ્યો છે, અને દેશની એકતા-અખંડિતતા અને સુરક્ષા તથા સરહદોની રક્ષા કરવાની દૃષ્ટિએ આપણા દેશના નાગરિકોનો સર્વાધિક વિશ્વાસ આપણાં દેશની ત્રણ પાંખો ધરાવતી ભારતીય સેના પર પણ રહ્યો છે. વિસ્તાર, વસતિ અને અખંડિતતાની સુરક્ષા તથા સરહદો પર ચોકીદારી ભારતીય સેના તદ્દન સમર્પિત ભાવથી કરે છે, જ્યારે દેશની બંધારણીય વ્યવસ્થાઓ, લોકોના નાગરિક અધિકારોની સુરક્ષા, લોકતંત્રના મૂલ્યોની રક્ષા તથા બંધારણની ચોકીદારી ન્યાયતંત્ર કરે છે, જ્યારે લોકતાંત્રિક વ્યવસ્થાઓ ચલાવવા માટે જન-પ્રતિનિધિઓની પસંદગી દેશના મતદારો તટસ્થતાથી કરી શકે, તેની જવાબદારી ચૂંટણી પંચ નિભાવે છે, જ્યારે ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ પંચાયતથી લઈને પાર્લામેન્ટ સુધીની સંસ્થાઓના માધ્યમથી ગામડા અને શહેરો-રાજ્યો તથા દેશની શાસન વ્યવસ્થા સુનિશ્ચિત કરે છે, અને આ આખી સાંકળ (ચેઈન) જેટલી મજબૂત તેટલું આપણું લોકતંત્ર અને આપણો દેશ મજબૂત રહેવાનો છે. આ તમામ કડીઓ અત્યંત જરૂરી છે અને તેથી જ અનેક ઉતાર-ચઢાવ છતાં આપણા દેશમાં લોકતંત્ર મજબૂત રહ્યું છે અને વિવિધતામાં એકતાની અનુભૂતિ થાય છે, અને તેમાં આપણા દેશના ન્યાયતંત્રની મહત્ત્વપૂર્ણ ભૂમિકા રહી છે. આ અંગે આપણા ન્યાયતંત્રે મહત્ત્વપૂર્ણ સમયે ઐતિહાસિક અને તટસ્થ ચૂકાદાઓ આપીને આપણા દેશની લોકતાંત્રિક વ્યવસ્થાઓ જાળવવા, નાગરિકોનો ન્યાય સન્માન અને સમાનતાની રક્ષા કરવા અને આઝાદી પછી આજ પર્યંત બંધારણીય વ્યવસ્થાઓ તથા શાસન-પ્રશાસનને તેની બંધારણીય જવાબદારીઓનું ભાન કરાવ્યું છે. એટલું જ નહીં, રાજકીય વિવાદોથી દૂર રહીને ન્યાયતંત્રની વિશ્વસનિયતા જાળવી રાખી છે, તે નિર્વિવાદ હકીકત છે, જો કે ઘણી વખત જેને અનુકૂળ ન આવ્યું હોય તેઓને ન્યાયતંત્ર ન ગમે, તેથી બિનજવાબદાર નિવેદનો કરીને સર્વોચ્ચ અદાલતને 'સુપ્રિમ' નહીં માનતા હોવાના ઉચ્ચારણો કરતા રહે, પરંતુ હકીકત બદલાઈ જતી નથી.

### ચૂકાદા શાહીથી લખાય છે, રેતીથી નહીં, કે સરકી જાય!

અદાલતોના ચૂકાદા શાહીથી લખાતા હોય છે, તેથી તે પથ્થર પરની લકીર જેવા હોવા જોઈએ તે પ્રકારનો સુપ્રિમ કોર્ટના એક દિગ્ગજ જજ જસ્ટિસ બી.વી. નાગરત્નાનો અભિપ્રાય આજકાલ ઘણો જ ચર્ચામાં છે. અને તેના વિવિધ અર્થઘટનો પણ થઈ રહ્યા છે.

અઠવાડિયા પહેલા હરિયાણાના સોનીપતમાં ઓ.પી. જિંદાલ ગ્લોબલ યુનિવર્સિટીમાં યોજાયેલા એક આંતરરાષ્ટ્રીય કક્ષાના સંમેલનમાં બોલતા જસ્ટિસ નાગરત્નાએ ન્યાયિક સ્વાતંત્ર્યની સમજ વિકસાવવા પર ભાર મુકતા જણાવ્યું હતું કે, એક વખત સર્વોચ્ચ ચૂકાદો અપાય જાય, તે પછી તે ટકી રહેવો જોઈએ, કારણ કે તે શાહીથી લખાય છે, રેતીથી નહીં!

તેણીએ શાસકો અને કાનૂની વ્યવસ્થા સાથે સંકળાયેલા તમામ લોકો એક વખત અપાયેલ ચૂકાદાને માન આપે અને મૂળ સ્વરૂપમાં સ્વીકારે, તે અત્યંત જરૂરી છે. ચહેરો બદલી ગયા પછી ચૂકાદાઓને ફેંકી દેવાનો પ્રયાસ થાય તે યોગ્ય નથી. ન્યાયતંત્ર દેશ માટે એક અભિન્ન સંસ્થા છે અને નિયમોનું જ્યારે ઉલ્લંઘન થતું હોય ત્યારે કાયદાના શાસનને સુનિશ્ચિત કરવું એ ન્યાયતંત્રનું કર્તવ્ય છે. જજના વ્યવહારને શંકાથી પર વર્ણવતા તેણીએ કહ્યું કે ન્યાયિક પ્રક્રિયા સાથે સંકળાયેલા લોકોએ રાજકીય રીતે અલગ રહેવું જોઈએ.

તે પહેલા જસ્ટિસ દીપાંકર દત્તા અને જસ્ટિસ ઓગસ્ટિન જ્યોર્જ મસીહની બેન્ચે પણ કહ્યું હતું કે, ચૂકાદાઓની અંતિમ માન્યતા જાળવી રાખવાથી કેસોનું ભારણ પણ વધતું અટકે છે અને ન્યાયપાલિકામાં જનતાના વિશ્વાસ પણ વધે છે.

### ડિજિટલ અરેસ્ટના કેસોની તપાસ સીબીઆઈને સોંપવા રાજ્યોને તાકીદ

ગયા અઠવાડિયે સુપ્રિમ કોર્ટે દેશભરમાં વધી રહેલા ડિજિટલ અરેસ્ટના કેસોના મુદ્દે આકરૂ વલણ અપનાવ્યું હતું અને તમામ ડિજિટલ અરેસ્ટના કેસોની તપાસની સીબીઆઈને મંજુરી આપવાની રાજ્યોને તાકીદ કરી હતી. આ એક મહત્ત્વપૂર્ણ અને જનલક્ષી આદેશ હતો અને પરોક્ષ રીતે રાજનીતિ પર પ્રહાર પણ હતો. સુપ્રિમ કોર્ટે સ્થાપિત કર્યું હતું કે, આપણા દેશમાં નાગરિકોની સલામતિ અને સુરક્ષા સર્વોપરિ છે.

### ડિજિટલ અરેસ્ટના કેસમાં ઈન્ટરપોલની મદદ લેવા નિર્દેશ

સુપ્રિમ કોર્ટના ચીફ જસ્ટિસ સૂર્યકાંત અને



જસ્ટિસ જોયમાલ્ય બાગચીની બેન્ચે રાજ્યોને



આદેશ કર્યો હતો કે ડિજિટલ અરેસ્ટના વિવિધ કેસોની તપાસ માટે સીબીઆઈને સંમતિ આપે. વિપક્ષ દ્વારા શાસિત પ. બંગાળ, તામિલનાડુ, કર્ણાટક અને તેલંગણા જેવા રાજ્યો રાજ્યની કાયદો-વ્યવસ્થાના કેસો માટે સામાન્ય રીતે સીબીઆઈને તપાસની મંજુરી આપતા હોતા નથી, અને કેટલાક કિસ્સામાં રાજ્યો દ્વારા સામેથી સીબીઆઈને તપાસ સોંપાતી હોય છે. સુપ્રિમ કોર્ટે ડિજિટલ અરેસ્ટને રાષ્ટ્રીય જ નહીં, આંતરરાષ્ટ્રીય કક્ષાનો અપરાધ ગણાવીને સુપ્રિમ કોર્ટે આ પ્રકારના કેસોમાં જરૂર પડ્યે ઈન્ટરપોલની મદદ લેવાનો સ્પષ્ટ આદેશ પણ આપ્યો છે. આ મુદ્દો સુપ્રિમ કોર્ટે ખૂબ જ ગંભીરતાથી હાથમાં લીધો છે, અને આ આદેશમાં કેન્દ્રિય કક્ષાના વિવિધ વિભાગને પણ સાંકળી લેવાયા છે.

### વિદેશી ગુનેગારો સાથે સંભવિત સાઠગાંઠને સાંકળતા મહત્ત્વના નિર્દેશો

બેંક અધિકારીઓ સાથે વિદેશી ગુનેગારો તથા સ્થાનિક અપરાધીઓની સાઠગાંઠને લઈને સુપ્રિમ કોર્ટે સીબીઆઈને ઠગો સાથે મળીને મ્યુલ એકાઉન્ટ ખોલવામાં મદદરૂપ થતા બેંક અધિકારીઓ-કર્મચારીઓની સામે તપાસ કરીને પગલાં લેવા બેંકોને આદેશ આપ્યો છે, અને આ અંગે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાને પણ નોટીસ આપી હતી. ટેલિકોમ વિભાગને પણ નિર્દેશ આપ્યો હતો કે સર્વિસ પ્રોવાઈડરને એક જ વ્યક્તિ અથવા સંસ્થાને અનેક સીમકાર્ડ ન આપે. ઈન્ફર્મેશન ટેકનોલોજી સાથે જોડાયેલા મધ્યસ્થીઓને પણ ડિજિટલ અરેસ્ટના કિસ્સાઓમાં સંપૂર્ણ સહયોગ આપવા નિર્દેશ કરાયો છે, તે ઉપરાંત તમામ રાજ્યો તથા કેન્દ્ર શાસિત પ્રદેશોને સીબીઆઈ સાથે વધુ સારા સમન્વય માટે રાજ્યકક્ષાએ તથા પ્રાદેશિક કક્ષાએ સાયબર ક્રાઈમ કો-ઓર્ડિનેશન સેન્ટર્સ સ્થાપવા કડક નિર્દેશો અપાયા છે.

### સિનિયર સિટીઝનોની સાયબર સુરક્ષા

હકીકતે સુપ્રિમ કોર્ટે હરિયાણાના એક વૃદ્ધ યુગલની ડિજિટલ અરેસ્ટની ફરિયાદ અને આપવીતિ સાંભળ્યા પછી સુઓમટો સુનાવણી કરીને ડિજિટલ અરેસ્ટના દૂષણને આક્રમક રીતે ડામી દેવાની જરૂરિયાત પર ભાર મૂકીને આપેલા નિર્દેશો પછી એ સ્પષ્ટ થઈ ગયું છે કે ડિજિટલ અરેસ્ટ રાજ્યોની કાયદો-વ્યવસ્થાના ક્ષેત્રથી પર છે અને રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય કક્ષાના ક્રાઈમને ટીમવર્ક માટે રાજ્યો અને કેન્દ્રનું સહિયારૂ સુદૃઢ સંકલન જરૂરી છે.

### ગરીબો માટે રાત્રે કોર્ટ ચાલી!

તાજેતરમાં સુપ્રિમ કોર્ટના ચીફ જસ્ટિસે ગરીબો માટે રાત્રે પણ કોર્ટ ચલાવવાની વાત કરી હતી, તેના અહેવાલોની સાથે એક દૃષ્ટાંત પણ અપાયું હતું કે પંજાબની હાઈકોર્ટના આદેશ તરનતારનની ટ્રાયલ કોર્ટે એક કેસની રાત્રે સુનાવણી માટે ખુલી હતી, અને રાતભર ચાલેલી દલીલો પછી પરોઢિયે ચારેક વાગ્યે આરોપી મહિલાના જામીન મંજુર કર્યાં હતાં. આમ તો આપણા દેશમાં કેટલીક મહત્ત્વના મુદ્દે આ પહેલા પણ મોડી રાત સુધી અદાલતો ચાલી હોય કે પાછી કોર્ટના મુલતુદાં જેવા મુદ્દે પણ રાત્રે અદાલતો ખુલી હશે, પરંતુ હાઈકોર્ટના આદેશથી હવે નીચલી અદાલતોમાં પણ મોડી રાત સુધી કાર્યવાહી ચાલે છે તો કેટલીક વખત રાત્રે અદાલત ખોલીને પણ સુનાવણી થાય છે, જે મજબૂત લોકતંત્રની નિશાની છે.

### દિલ્હીના પ્રદૂષણનો મુદ્દો

સુપ્રિમ કોર્ટે તાજેતરમાં જ એક અન્ય કેસમાં દિલ્હીમાં વધતા જતા પ્રદૂષણના મુદ્દે ટિપ્પણી કરતા કહ્યું હતું કે, લોકડાઉન વખતે જોવા મળ્યું તેવું સ્વચ્છ આકાશ ફરીથી જોવા મળતું નથી, કારણ કે તે સમયે પ્રદૂષણ બંધ થયું હતું. પરાલી સળગાવવાથી કે અન્ય કારણોસર પ્રદૂષણ થતું અટકાવવાના સહિયારા કદમ ઉઠાવવાની હિમાયત કરતા સુપ્રિમ કોર્ટે ૧૦ મી ડિસેમ્બરે વધુ સુનાવણી રાખી છે. આ રીતે દેશનું ન્યાયતંત્ર લોકોની હેલ્થ-સ્ટ્રેન્થ અને વેલ્થની સુરક્ષા માટે પણ હંમેશાં જાગૃત રહે છે, અને ગરીબો માટે પણ હંમેશાં તત્પર રહે છે, તેવો દાવો ખોટો નથી.


**વિનોદ કોટેચા, એડવોકેટ**

**મન હોય તો માળવે જવાય**

# સુપ્રિમ કોર્ટના કેટલાક સિમાચિન્હરૂપ મુખ્ય મુખ્ય ચૂકાદાઓ અને સંસદ

- એ.કે. ગોપાલન વિ. મદ્રાસ રાજ્ય (વર્ષ ૧૯૫૦) મા સંવિધાનના ભાગ ૩ મા મૌલિક અધિકારોની વ્યાખ્યા.
- વર્ષ ૧૯૫૧માં અનુચ્છેદ-૩૩૮ હેઠળ મૌલિક અધિકારોમાં સંશોધનનો મુદ્દો
- વર્ષ ૧૯૬૦ માં બંધારણની પ્રસ્તાવના બંધારણનો હિસ્સો ગણાય કે નહીં, તેનો ફેંસલો કરાયો હતો.
- વર્ષ ૧૯૬૭ માં સુપ્રિમ કોર્ટે મૌલિક અધિકારો છીનવી કે ઘટાડી શકાય નહીં, તેમ ઠરાવ્યું હતું, પરંતુ ૨૪ મા બંધારણીય સુધારા તથા ૨૫ મા સુધારા પછી વિવિધ અનુચ્છેદોને સાંકળીને નિર્ણય અપાયો હતો.
- વર્ષ ૧૯૭૫ માં ૩૯ મા બંધારણ સુધારો કરીને બંધારણની મૂળ સંરચના જાળવી રખાયા, અને વર્ષ ૧૯૭૬ માં ૪૨ મા સુધારા હેઠળ કલમ-૩૬૮ મા સંશોધન થયું, અને સંસદને સર્વોપરિ ઠરાવી મૌલિક અધિકારો સહિત કોઈપણ બંધારણ સુધારાને અદાલતમાં પડકારી નહીં શકાય, તેવા પ્રબન્ધો કરાયા.
- વર્ષ ૧૯૮૦ માં મિનર્વા મિલ્સ વિ. ભારત સંઘના કેસમાં ઠરાવાયું કે સંસદ બંધારણના કોઈપણ હિસ્સામાં સંશોધન કરી શકે છે, પરંતુ તેને બદલી શકતી નથી.
- એમ.સી. મહેતા વિ. ભારત સંઘ (વર્ષ ૧૯૮૬) માં સુપ્રિમ કોર્ટે અનુચ્છેદ ૫૧(એ) (જી) હેઠળ મૌલિક કર્તવ્યોના એક ભાગના સ્વરૂપમાં દેશના શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રાકૃતિક પર્યાવરણ, સંરક્ષણ અને સુધારણાના શિક્ષણને ફરજિયાત બનાવાયું
- વર્ષ ૧૯૯૪ ના એસ.આર. બોમ્બઈ વિ. ભારત સંઘના કેસમાં ભારતના સંઘીય માળખાની શક્તિઓની વહેંચણી તથા સત્તાઓ અંગે સ્પષ્ટ ચૂકાદો અપાયો હતો. રાષ્ટ્રપતિ શાસન લગાવવાના કલમ-૩૫૬ ના સત્તાનો દુરૂપયોગ અટકાવવાનો ફેંસલો અપાયો.
- શાયરાબાનો વિ. ભારત સંઘ તથા અન્યના વર્ષ ૨૦૧૭ માં ત્રિપલ તલાકને ગેરકાનૂની અને ગેરબંધારણીય ઠરાવાયું હતું.
- વર્ષ ૧૯૮૫ માં શાહબાનો બેગમ કેસમાં સુપ્રિમ કોર્ટે મુસ્લિમ મહિલાના ભરણપોષણના કેસમાં આઈપીસી ૧૯૭૩ હેઠળ તમામ નાગરિકોને આવરી લેતો ફેંસલો આપ્યો હતો. જે સંસદે મુસ્લિમ મહિલા તલાક પર સંરક્ષણ અધિનિયમ-૧૯૮૬ પસાર કરીને પલટી નાખ્યો હતો.
- વર્ષ ૧૯૯૨ માં ઈંદ્રા સાહની વિ. ભારતના કેસમાં ૨૭ ટકા ઓબીસી અનામત અંગે ફેંસલો અપાયો, અને ૫૦ ટકાની અનામતની સીમા નહીં ઓળંગવા સૂચવાયું.
- લીલી થોમસ વિ. ભારત સંઘના વર્ષ ૨૦૦૦ ના કેસમાં દ્વિપત્ની ધારામાંથી ધર્મ પરિવર્તનના કારણે હિન્દુ પુરુષને છૂટ નહીં મળી જતી હત્યાનું ઠરાવાયું.
- વર્ષ ૨૦૧૧ ના પીડોફીલિયા કેસમાં બાળકોને લગતા ઓનશોષણને સર્વાધિક ગંભીર કેસ ગણાવતો ચૂકાદો અપાયો.
- અરૂણા શાનબાગના કેસમાં સુપ્રિમ કોર્ટે ઈચ્છા મૃત્યુને લઈને મહત્ત્વપૂર્ણ ચૂકાદો આપ્યો.
- વર્ષ ૨૦૧૩ માં ચૂંટણી પંચની 'નોટા'ની જોગવાઈને મૌલિક અધિકાર ગણાવતો ચૂકાદો અપાયો.
- વર્ષ ૨૦૧૩ ના એક ચૂકાદામાં ઠરાવાયું કે ધારાસભ્ય કે સંસદ સભ્ય, વિધાન પરિષદનો સભ્ય કોઈ અપરાધમાં બે વર્ષ કે તેથી વધુ સજા સંભળાવાય, તો તેનું સંસદ કે વિધાનસભાનું સભ્યપદ ખતમ થઈ જાય તેવો ચૂકાદો અપાયો હતો.
- વર્ષ ૨૦૧૪ માં નિર્ભયા કેસમાં આઈપીસી કલમ-૩૭૫ જેમાં બળાત્કાર શબ્દની વ્યાખ્યા બદલી નંખાઈ, અને વર્ષ ૨૦૧૨ તથા ૧૮૭૨, ૧૮૬૦ અને ૧૯૭૩ ના પ્રાવધાનો બદલાયા.
- વર્ષ ૨૦૧૪ માં ટ્રાન્સજેન્ડરને ત્રીજા લીંગ તરીકે માન્યતા આપી તેના શિક્ષણ-રોજગાર તથા અલ્પસંખ્યક માનવા અંગે ચૂકાદો અપાયો.
- વર્ષ ૨૦૧૭ માં પ્રાઈવસીના અધિકારને મૌલિક ગણાવાયો.
- વર્ષ ૨૦૧૮ માં કલમ-૩૭૭ ખતમ કરાઈ
- વર્ષ ૨૦૨૦ માં અનુરાધા ભસીન વિ. ભારત સંઘ અને અન્યોના કેસમાં કાશ્મીરની કલમ-૩૭૦ રદ્દ કરાયા પછી અનિશ્ચિત સમય સુધી ઈન્ટરનેટ પર પ્રતિબંધ પર સુપ્રિમ કોર્ટે કેટલીક મર્યાદાઓ વર્ણવી સંકટના સમયમાં પણ મૌલિક અધિકારો પર ભાર મૂક્યો.
- વર્ષ ૨૦૨૪ અને ૨૦૨૫ માં સુપ્રિમ કોર્ટે વકફ સંશોધન-૨૦૨૫, સિવિલ જજ પરીક્ષા, બિલકીસ બાનો કેસ, ચૂંટણી બોન્ડને ગેરકાનૂની ઠરાવાયા. કેજરીવાલને જામીન, અનામત વર્ગોની અંદર વર્ગીકરણ, બાલ પોર્નોગ્રાફી, વકફ સંશોધન, એ.એમ.યુ.નો દરજ્જો તથા બુલડોઝર પોલિસી જેવા વિષયો સહિત ઘણાં બધા તાજેતરના ચૂકાદાઓ તો આપણે જાણીએ જ છીએ.

# પતિની મિલકતમાં પત્નીનો હક છે કે નહીં?




લગ્ન એ માત્ર બે વ્યક્તિઓની જોડાણી નથી, એ એક સામાજિક અને કાયદેસર બંધન છે. આ સંબંધ પ્રેમ, વિશ્વાસ અને સહજીવનની ભૂમિકા પર ટકેલો છે. પરંતુ આપણા સમાજમાં વર્ષોથી એક માન્યતા એવી પણ ચાલતી આવી છે કે લગ્ન થયા પછી સ્ત્રીનું બધું પતિનું અને પતિનું બધું સ્ત્રીનું. આ વિચાર ભલે લાગણીપૂર્વક મોહક લાગે, પણ કાયદાકીય રીતે સાચો નથી. કાયદો પ્રેમને કાગળ પર નથી માપતો, તે હક અને જવાબદારીને માપે છે.

હિંદુ કાયદા મુજબ લગ્ન થયા પછી પણ સ્ત્રી એક સ્વતંત્ર કાનૂની વ્યક્તિ છે. એની પોતાની મિલકત, કમાણી, દાગીના, કે સંપત્તિ પર એની સંપૂર્ણ માલિકી રહે છે. એ જ રીતે, પતિની સંપત્તિ એ પતિની વ્યક્તિગત માલિકી ગણાય છે. એટલે કે લગ્ન પછી આપોઆપ પત્નીને પતિની મિલકતમાં કોઈ હિસ્સો મળતો નથી. આ બાબત ખૂબ સ્પષ્ટ છે અને કાયદામાં એની અલગ વ્યાખ્યા પણ કરવામાં આવી છે.

### પતિ જીવંત હોય ત્યારે પત્નીનો હક ક્યાં સુધી?

હિંદુ વારસાકાયદા



(૧૯૫૬) મુજબ પત્ની પતિની ક્લાસ-૧ વારસદાર ગણાય છે, પરંતુ આ હક પતિના જીવંતકાળમાં લાગુ પડતો નથી. એટલે કે જ્યારે સુધી પતિ જીવંત છે, તેની મિલકત પર તેની જ માલિકી રહે છે.

પત્નીનો હક તેની કમાણી, ભરણપોષણ અને રહેઠાણ સુધી મર્યાદિત રહે છે. પતિ પાસે ફરજ છે કે તે પોતાની પત્નીને યોગ્ય રીતે રાખે, એને ભોજન, રહેઠાણ અને જીવન માટેની જરૂરી વસ્તુઓ પૂરી પાડે.

જો પતિ આ ફરજ બજાવે નહીં અથવા પત્નીને ત્યજી દે, તો પત્ની કોર્ટમાં જઈ શકે છે અને કાયદાની મદદથી પોતાના ભરણપોષણનો હક મેળવી શકે છે.

કાયદામાં ભરણપોષણ અને મિલકતનો હક બે અલગ બાબતો છે. ભરણપોષણ એ જીવન જીવવા માટેની જરૂરિયાતો પૂરી કરવા માટેનો અધિકાર છે એ એક નૈતિક તથા કાયદેસર ફરજ છે. પણ મિલકતનો હક એ માલિકી અને વારસાની બાબત છે જે ફક્ત દસ્તાવેજો, વિલ અથવા કાયદાની જોગવાઈથી જન્મે છે.

### રહેઠાણનો અધિકાર કાયદાનો માનવીય અભિગમ

પત્નીને પતિની મિલકતમાં માલિકી ન મળે, છતાં કાયદો એને રહેઠાણનો અધિકાર આપે છે. ઘરગથ્થુ હિંસા પ્રતિબંધ અધિનિયમ, ૨૦૦૫ મુજબ, પત્ની એ ઘરમાં રહેવાનો હક ધરાવે છે જે પતિનું નિવાસસ્થાન ગણાય છે.

જો પતિ એને ઘરેથી કાઢી નાખે, ધમકી આપે, હિંસા કરે કે તેની સામે આર્થિક શોષણ કરે, તો પત્ની કોર્ટમાં જઈને પ્રોટેક્શન ઓર્ડર લઈ શકે છે. કાયદો કહે છે કે ઘર ફક્ત પતિની મિલકત નથી એ પત્નીનું નિવાસસ્થાન પણ છે.

એવું અનેક વખત બને છે કે પતિનું ઘર એના માતાપિતાના નામે હોય. આવી પરિસ્થિતિમાં પણ કોર્ટ માન્ય કરે છે કે પત્નીનો રહેઠાણનો હક એ ઘરમાં છે જ્યાં એ દાંપત્યજીવન વિતાવી રહી હતી. એ હક માલિકી નથી, પણ સુરક્ષા છે સ્ત્રીને ઘર વિના ન થવા દેવા માટે કાયદાએ આપેલી ઢાલ.

### પતિના મૃત્યુ પછી પત્નીનો હક

હિંદુ વારસાકાયદા હેઠળ પત્ની પતિની સંપત્તિમાં પ્રથમ ક્રમે વારસદાર છે. જો પતિ વિલ કર્યા વગર મૃત્યુ પામે, તો એની સંપત્તિ પત્ની, સંતાનો અને માતા વચ્ચે સમાન હિસ્સામાં વહેંચાય છે. પત્ની આ સ્થિતિમાં સંપત્તિની માલિકી મેળવી શકે છે એટલે કે પતિ જીવંત હોય ત્યારે હક ભરણપોષણનો છે, અને મૃત્યુ પછી હક વારસાનો.

જો પતિએ વિલ બનાવી હોય અને પત્નીને હિસ્સો આપ્યો હોય, તો એ હિસ્સો વિલ અનુસાર મળે છે. પણ જો વિલ ન હોય, તો પત્ની કાયદા મુજબ આપમેળે વારસદારીમાં આવે છે.

પત્ની ફક્ત અસ્થાવર (જમીન, ઘર) મિલકતમાં જ નહીં, પણ સ્થાવર મિલકત (રોકડ, શેર, બેંક ખાતાં, વીમા)માં પણ વારસદાર ગણાય છે. એટલે કે એનો હક સંપત્તિના દરેક સ્વરૂપ પર છે.

### સંયુક્ત માલિકી પ્રેમ સાથે કાયદાનું સંતુલન

ઘણા દંપતિઓ આજકાલ સંયુક્ત રીતે મિલકત ખરીદે છે. ઘર, ફ્લેટ કે પ્લોટ બંનેના નામે હોય તો પત્ની સહમાલિક ગણાય છે.



આ સ્થિતિમાં કોઈ મૃત્યુ થાય, તો અન્ય સહમાલિક આપમેળે માલિક બની જાય છે. સંયુક્ત માલિકી કાયદેસર રીતે પત્નીને જીવંતકાળમાં પણ હક આપે છે એ માત્ર વારસદારી પર આધારિત નથી. પતિ પોતાના જીવનકાળમાં પત્નીને મિલકત ભેટરૂપે (ગિફ્ટ ડીડ) આપી શકે છે. એ માટે અલગથી નોંધણી ફરજિયાત છે, પરંતુ એકવાર એવી ભેટ થઈ જાય પછી એ મિલકત પતિની નહીં, પત્નીની ગણાય છે.

### શું પત્ની પતિની મિલકત વેચી શકે?

પતિ જીવંત હોય ત્યારે પત્ની એની મિલકત પર કોઈ કાયદેસર હસ્તક્ષેપ કરી શકતી નથી. એ મિલકતનું વેચાણ, ગિરવે મૂકવું કે દાન કરવું એ બધા અધિકાર પતિના જ રહે છે. પરંતુ જો પતિ અવસાન પામે, તો પત્ની એના હિસ્સાની સહમાલિક બને છે, અને અન્ય વારસદારોની સંમતિથી એ મિલકત વેચી શકે છે.

જો પતિની મિલકત વિવાદાસ્પદ હોય અથવા અન્ય કુટુંબ સભ્યો સાથે સંયુક્ત હોય, તો પત્નીનો હક્ક કાયદા અનુસાર નક્કી થાય છે. એ માટે કોર્ટ વારસાકીય પ્રક્રિયા આપી શકે છે, જેના આધારે પત્ની બેંક, સરકારી કચેરીઓ અને રજિસ્ટ્રેશન વિભાગમાં પોતાના હકોનો દાવો કરી શકે છે.

### કાયદાનો હેતુ સંપત્તિ નહીં, સમાનતા

કાયદો પતિની મિલકતમાં પત્નીને આપોઆપ હિસ્સો આપતો નથી, કારણ કે કાયદો સ્ત્રીને નિર્ભર માનતો નથી.

હિંદુ કાયદો માન્ય રાખે છે કે સ્ત્રી પોતે સ્વતંત્ર રીતે કમાઈ શકે છે, સંપત્તિ ધરાવી શકે છે અને પોતાના નિર્ણય લઈ શકે છે.

લગ્નથી સ્ત્રીની વ્યક્તિગત ઓળખ ખોવાતી નથી તે પોતાના હકોની માલિક છે.

આ સંદર્ભમાં ન્યાયાલયોએ વારંવાર કહ્યું છે કે સ્ત્રીને પતિની મિલકત પર હક નહીં હોય, પણ એના સન્માન, સુરક્ષા અને જીવનના અધિકાર માટે કાયદો હંમેશાં એની બાજુમાં છે. આથી, ભલે પતિની મિલકતમાં પત્નીનો હિસ્સો જીવનકાળમાં ન મળે, પણ કાયદો એ ખાતરી આપે છે કે એ પોતાના જીવન માટે કદી અજાતી ન બને.

લગ્ન એ પ્રેમનો સંબંધ છે, પરંતુ પ્રેમના સંબંધમાં પણ કાયદો હક અને ફરજ વચ્ચેની સમતોલ રેખા દોરી આપે છે.

પત્નીનો પતિની મિલકતમાં હિસ્સો કદાચ દસ્તાવેજ પર ન હોય, પણ એના જીવન, સન્માન અને સુરક્ષામાં કાયદાનો અડગ હક છે.

કારણ કે લગ્ન એ માત્ર સાથે રહેવાની વિધિ નથી.પરસ્પર સન્માન, સુરક્ષા અને સમાનતાની પ્રતિજ્ઞા છે.

**ધ્વનિ લાખાણી**

**કાનૂનનો કાંઠો ધ્વનિની કંઠે**

**એડવોકેટ, ગુજ. હાઈકોર્ટ**

# 'કાયમી કિડનેપ' થયેલો એટલે પતિ



ચુનિલાલ વધારે જોશમાં આવી ગયા અને બીજો પંચ ફટકાર્યો. "કડવા બોલેલા શબ્દો અને કંજૂસ માણસની મફતની પીધેલી ચા ભવિષ્યમાં પોતાને જ નુકસાન કરે છે તે નિર્વિવાદ છે". લોકો ચુનિયાના જ્ઞાન પર ઓવારી ગયા.

"બંદૂકમાંથી નીકળેલી ગોળી અને ટ્યુબમાંથી નીકળેલી પેસ્ટ ક્યારેય પાછી જતી નથી". તાળીઓના ગડગડાટ સાથે લોકોએ આ વાક્યને વધાવી લીધું.

હકીકતમાં જે વાક્ય બોલાતા હતા તેમાં પહેલું વાક્ય સનાતન સત્ય સ્વરૂપે અને સાથે જોડાયેલું બીજું વાક્ય અનુભવ સિદ્ધ વાક્ય બોલાયુ હતું.

અમારા ચુનિલાલને આવા ઓઠા એટલે કે દાખલા દેવા બહુ ગમે. અને તે સામાન્ય રીતે કહેવતની સાથે પોતાનો અનુભવ જોડી અને ગોફણીયાની જેમ ફેંકે. મને પાછો તે સમજાવે પણ ખરો મને કહે મિલનભાઈ "કહેવત છે ને કે ચા બગડે તેની સવાર બગડે,દાળ બગડે તેનો ટંક બગડે, અને બૈરી બગડે એનો દિવસ બગડે."

મેં તરત જ કહ્યું કે અડધું તો મેં સાંભળ્યું છે અડધું તારી પાસેથી સાંભળી રહ્યો છું.

"અનુભવવાણી મિલનભાઈ, ચા બગડવાનું કારણ પણ હું તમને જણાવું. રાત્રે મોડામાં મોડા ૧૧ વાગ્યે ઘરે આવી જવું તેવી સૂચના અવગણી અને મોડા મોડા ઘરે પહોંચ્યા હો અને તેની ઊંઘ બગાડી હોય તો રાત્રે તમને કશું ના કહે પરંતુ તેની ઇફેક્ટ સવારે ચા સ્વરૂપે આવે. જે વાયા ભંગાર ભોજન, બે વખતનું સોરી અને ગીફ્ટ સાથે પતે.

પુરૂષ ગુસ્સામાં આવી અને શબ્દો મોઢામાંથી કાઢી નાખે પછી તેના મનમાં પણ ન હોય. ત્યારે બહેનો એવું નથી કરતા તેઓ મૌન રહી અને અસરકારક ગોરીલા પદ્ધતિથી યુદ્ધ લડે છે.અને સરકારના પાયા હચમચાવી નાખે છે. તેઓને સરકાર પાડવામાં રસ નથી હોતો. કારણ કે સરકારને જેમ કહે તેમ સરકાર કરતી હોય તો પછી તેને પાડવાનો અર્થ શું? પરંતુ વખતો વખત ટેકાની તાકાત શું છે તે સરકારને અનુભૂતિ જરૂર કરાવે.

વધારે ઈમોશનલ થઈ જાય તે પહેલા બાબા ચુનીને મેં પૂછી નાખ્યું કે 'ચુનિલાલ બંદૂકની ગોળી પાછી ન જાય એ તો સાંભળ્યું છે પણ આ પેસ્ટ વાળું સમજાયું નહીં.'

મને કહે મિલનભાઈ તમે પેસ્ટની ટ્યુબ જોઈ હશે પણ પેસ્ટનો ડબ્બો જોવો હોય તો ચાલો મારા ઘરે.

મારા ઘરમાં જે કાંઈ પણ ખોટું થાય કે નુકસાન થાય તેના માટે જવાબદાર શાહબુદીન સાહેબના વનેચંદની જેમ હું જ હોવું છું તેવું મારી પત્નીનું દૃઢપણે માનવું છે.

રૂમમાં ચારે બાજુ બાબા આરામદેવની બનાવેલી પેસ્ટ ઢોળાયેલી અને સૌથી પહેલા જાગતા મારા પત્નીએ તરત જ પહેલા મને શાબ્દિક પોંખી લીધો. ત્યાર પછી શારીરિક પ્રહારનો પહેલો પાઠ શરૂ થયો કે તરત જ મેં કહ્યું કે છે શું? શું કારણે મને શાબ્દિક અને શારીરિક ખખડાવવામાં આવી રહ્યો છે?

તમારે રાતમાં ચાલવાની આદત છે ચશ્મા વગર ઓછું દેખાય છે આ પેસ્ટ નીચે પડી ગઈ હોય તો તેના પર પગ મુકવાથી આ રૂમમાં ચારે બાજુ પેસ્ટ નીકળી અને ઢોળાય ગઈ છે.

આ મહેમાનવાળું ઘર છે અને હમણાં એક પછી એક લોકો ઉઠશે અને દાંત ઘસવા માટે પેસ્ટ માગશે તો મારે શું કરવું? મેં તરત જ કહ્યું કે જ્યાંથી ઢોળાવવાની શરૂઆત થઈ ત્યાંથી થોડી થોડી બ્રશ પર લગાડતા જાવ. પરંતુ મેં રૂમમાં જોયું તો ગોળ ફરતા પેસ્ટ નીકળી અને ઢોળાયેલી.

મેં તરત જ સીઆઈડીના પ્રદ્યુમનની જેમ બરણીનું ઢાંકણું ખોલતા હોય તેમ ગોળ ગોળ હાથ ફેરવી પત્નીને કહ્યું કે "થોડોક બુદ્ધિનો પ્રયોગ કર મારા પગ નીચે આવી હોય તો આવી રીતે હું થોડો ગોળ ગોળ ફરી અને આ રંગોળી બનાવુ." પરંતુ મારી પત્નીનો ગુસ્સો મારા પર ચરમસીમાએ હતો. બોલાચાલીમાં મારા સાળા સાહેબનો ૨ વર્ષનો કુંવર દુખાવાની ટ્યુબ લઈ અને જેમ પેસ્ટની રંગોળી કરેલી તેમ બીજા રૂમમાં દુખાવાની ટ્યુબની રંગોળી ચાલુ કરી. મારી અને તમારી ભાભીની ચાર આંખોએ એ જોયું અને બધું સમજાઈ ગયું. મારી ઉપર કેટલો ગુસ્સો હતો એટલો જ પ્રેમથી ભાણેજને ગળે વળગાડી મને સૂચના આપી કે "આ બધી પેસ્ટ પાછી ટ્યુબમાં નાખી દો". ચાર કલાક મથ્યો પરંતુ છેલ્લે મોટા મોઢાની એક ડબ્બીમાં પેસ્ટ ભરી.

આગળ કંજૂસની ચા વિશે પૂછો તે પહેલા કહી દઉં કે જેની તમે દસ રૂપિયાની ચા તેની મરજી વિરુદ્ધ તેણે પીવડાવી હોય તો હર હંમેશ એવા પ્રયત્નોમાં રહે કે તમારી પાસેથી રૂપિયા ૧૦૦ વસુલ થાય. મેં તરત જ કહ્યું કે ચુનિયા આ દાખલાની જરૂર નથી આજે હું પાકીટ ભુલી ગયો છું અને અત્યારની ચાના પૈસા તારે જ ચૂકવવાના છે. ખલ્લાસ ફુલેલા મોઢાવાળા ટ્રમ્પ ખાટા ઢોકળા ખાઈ ગયા હોય અને વધારે ફુલી જાય પછી જેવડું મોઢું થાય એવડું મોઢું કરી મારી સામે જોયું. વાતની ગંભીરતા જોઈ અને મેં તરત જ કહ્યું કે પછી હું આપી દઈશ. તરત જ તેણે બીજી ચાનો ઓર્ડર આપ્યો.

જગતમાં અનુભવ લેવા માટે ક્યાંય બહાર જવું પડતું જ નથી. જેમ ગુંદા સાથે ઠળિયો જોડાયેલો જ હોય તેમ ઘરમાંથી અને આજુબાજુ મિત્ર વર્તુળમાંથી આવું ઘણું જ્ઞાન જોડાયેલું જ હોય.

**વિચારવાયુ:- અનુભવ ઉંડાણથી સમજાવે છે. જેમ શાંત પાણી ઊંડા હોય છે તેમ ઘરવાળીના ભાઈઓ ગુંડા અને ઊંડા હોય છે.**

**મિલન ત્રીવેદી**

**મિલન 'મસ્ત'ની મસ્તી**